**ક્રિ. કેસ નં. ૨૮૪/૧૯૮૮**

**આંક–૧ નીચે હુકમ**

આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ તરીકે દાખલ થયેલ છે અને ઈન્કમટેક્ષ ઓફીસર કે જે ફરીયાદી છે તેઓએ કુલ ૯ આરોપી સામે ફરીયાદ દાખલ કરેલી છે. જેમાં આરોપી નં.૧ અને ૬ કંપની છે અને આરોપી નં.૨ થી ૫ અને ૭ થી ૯ તેના ડાયરેકટર છે. જેમાં આરોપી નં.૨ થી ૫ અને ૭ થી ૯ નાઓ મરણ ગયેલ હોય અને તેઓનું મરણ સર્ટીફીકેટ રેકર્ડ ઉપર રજુ હોય તેઓની સામેનો કેસ એબેટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં સદર કેસ ઘણો જુનો છે અને આરોપી નં.૧ અને ૬ કંપની છે અને તેઓના અધિકૃત અધિકારીઓને પણ જોડેલ ન હોય જેથી તેઓના સરનામાના અભાવે કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી તેમજ ફરીયાદી પણ આરોપીઓનું સરનામું રજુ કરી શકે તેમ નથી. આ સંજોગોમાં આરોપી નં. ૨ થી ૫ અને ૭ થી ૯ નાઓ મરણ પામેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવે છે. જયારે આરોપી નં.૧ અને ૬ કંપની છે અને તેઓના અધિકૃત અધિકારીઓને જોડેલ ન હોય જેથી તેઓના સરનામાના અભાવે ફરીયાદીની ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૧/૧૨/૨૦૨૧
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૩૩